# :: જાહેરાત ::

જિલ્લા ન્યાયાલય, જામનગર તથા તાબાની કોર્ટોની જગ્યાઓ માટે તદ્દન હંગામી, કામ ચલાઉ તથા કરાર આધારીત નિમણુંક આપવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જે જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, સુચનાઓ, શરતો તથા અરજીનો નમુનો જિલ્લા ન્યાયાલય, જામનગર ની વેબ સાઈટ **http://ecourts.gov.in/india/gujarat/jamnagar/recruitment** ઉપર ઉપલબ્ધ છે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :**૧૫/૦૯/૨૦૧૭** નિર્ધારીત કરેલ છે.

ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ની હંગામી, કામચલાઉ તથા કરાર આધારીત નિમણુંક માટેની કુલ – ૦૪ જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, સુચનાઓ, શરતો તથા અરજીનો નમુનો.

**શૈક્ષણિક લાયકાય : –**

(૧) ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ના ઉમેદવારે માન્ય યુનિવર્સિટીની સ્નાતક અથવા સરકારશ્રી તરફથી તેની સમકક્ષ ઠરાવેલ હોય તેવી પદવી ધરાવતા હોવા જોઈએ. તથા ગુજરાત સરકાર ના તા. ૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવમાં જણાવ્યા મુજબનું કોમ્પ્યુટર ઓપરેટરને લગતું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૨) ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ– ૨ માટે લઘુલીપીની ૭૫ શબ્દોની ઝડપ અને તે અંગેની જી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઈચ્છનીય છે. ગુજરાતી ટાઈપીંગમાં દર મિનિટે ૨૫ શબ્દોની ઝડપ અથવા તેને સમકક્ષ લાગુ પડતી કી નો ઉપયોગ.

**સુનાઓ :–**

(૧) અરજી સાથે શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ઉમર દર્શાવતા ( શાળા છોડયાનું પ્રમાણપત્ર ) તથા અન્ય કોઈ દસ્તાવેજોની ખરી નકલો જોડવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજી રજીસ્ટર્ડ એ. ડી. સ્પીડ પોસ્ટ અગરતો માન્ય કુરીયર મારફત મોકલવાની રહેશે. રુબરુ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૩) અરજી મોકલવાની છેલ્લી તારીખઃ **૧૫/૦૯/૨૦૧૭** છે.ત્યારબાદ મળેલી અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. જેમાં પોસ્ટ ધ્વારા કે કુરીયર સર્વિસ ધ્વારા અરજી મોકલવામાં થયેલ વિલંબને ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) ઉમેદવારની પસંદગી લઘુલીપી તથા ટાઈપીંગ ટેસ્ટના પરિણામના આધારે કરવામાં આવશે અને જરૂર પડશે તો મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

(૫) શારીરીક ખોડખાંપણવાળા ઉમેદવારોને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.

**<u>શરતો :–</u>**

(૧) સદરહું નિમણુંક તદ્દન હંગામી, કામ ચલાઉ અને કરાર આધારીત રહેશે જેમાં ઉમેદવારને કાયમી થવાનોં કોઈ હકક રહેશે નહી અને તે બાબતનું ઉમેદવારે નિમણુંક થયા પુર્વે બાંહેધરી પત્ર આપવાનો રહેશે.

(૨) ઉમેદવારને નિમણુંક મળ્યા બાદ ન્યાયાધીશશ્રીઓ પાસે ડીકટેશન લઈ કોમ્પ્યુટર પર ટાઈપ કરવાનુ રહેશે. અને ટાઈપ કરેલા પાનાને ધ્યાને લઈ રૂપિયા ૨૦/– પ્રતિ પાનાના દરે મહેનતાણું દરેક માસના અંતે ચુકવવામાં આવશે.

(૩) ઉમેદવારે મહેનતાણા માટે માસના અંતે કરેલ કામનો રીપોર્ટ ન્યાયાધિશશ્રીઓ ધ્વારા પ્રમાણિપ કર્યા બાદ જિલ્લા ન્યાયાલય, જામનગરને આપવાનો રહેશે અને તે મુજબ મહેનતાણાની રકમ ચુકવવામાં આવશે.

(૪) પસંદગી થયેલા ઉમેદવારની કામગીરી જો સંતોષકારક નહી જણાય અગરતો અન્ય કોઈ વહીવટી બાબતોને લીધે ગમે ત્યારે છુટા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર છુટા કરવામાં આવશે જેનો અબાધીત હકક જિલ્લા ન્યાયાલય, જામનગર ને રહેશે અને તે બાબતનું બાંહેધરી પત્ર નિમણુંક પહેલા ઉમેદવારે આપવાનું રહેશે.

(૫) કઈ પોસ્ટ માટે અરજી કરો છો ? તે અંગે કવર ઉપર સ્પષ્ટતા કરવી.

सत्यमेव जयते
JAMNAGAR

| અ.નં | સંવર્ગ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧. | ગુજરાતી સ્ટેનોગ્રાફર–ગ્રેડ–૨ | ૧. ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની સ્નાતક અથવા સરકારશ્રી તરફથી તેની સમકક્ષ ઠરાવેલ હોય તેવી પદવી ધરાવતા હોવા જોઈએ.<br>૨. ગુજરાતી લઘુલીપીમાં દર મિનિટે ૭૫ શબ્દોની ઝડપ અને તે અંગેની જી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઈચ્છનીય છે.<br>૩. ગુજરાતી ટાઈપીંગમાં દર મિનિટે ૨૫ શબ્દોની ઝડપ અથવા તેને સમકક્ષ લાગુ પડતી કી નો ઉપયોગ.<br>૪. ગુજરાત સરકારના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવમાં ઠરાવ્યા મુજબનું કોમ્પ્યુટર ઓપરેશનને લગતું પાયાનું જ્ઞાન હોવું જરૂરી છે. |

## ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ – ૨ ની જગ્યા માટેની અરજીનો નમુનો
## ( તદ્દન હંગામી, કામ ચલાઉ તથા કરાર આધારિત નિમણુંક )

પ્રતિ,
મ્હે. મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી,
મુખ્ય જિલ્લા ન્યાયાલય,
લાલબંગલો,
જામનગર.

૦૧. પુરેપુરૂ નામ ( અટક પ્રથમ લખવી ) : ____________________
(અટક) (નામ) (પિતા/પતિનુનામ)

૦૨. પિતા/ પતિનું પુરેપુરૂ નામ : ____________________

૩. ૧. કાયમી સરનામું : ____________________

____________________

____________________

૨. હાલનું સરનામુ : ____________________

____________________

____________________

૦૪. મોબાઈલ / ફોન નંબર : ____________________

૦૫. જન્મ તારીખ : ____________________

૦૬. શૈક્ષણિક લાયકાત :

| અ.નં. | અભ્યાસ/કોર્ષ (પ્રવાહ સાથે) | બોર્ડ/યુનિવર્સિટી/ શાળા | પાસ કર્યાનું વર્ષ | લીધેલ વિષયો | મેળવેલ ગુણના ટકા | પ્રયત્નની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |

**નોંધ :**

1. શાળા છોડયાના પ્રમાણપત્ર તથા એસ.એસ.સી./ સમકક્ષ પરીક્ષા તથા સ્નાતક ગુણપત્રક તથા પ્રમાણપત્રોની ખરી નકલો બીડવી.

2. માર્તૃભાષા સિવાયની અન્ય કોઈપણ ભાષાની નિપૂર્ણતા ધરાવતી પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

3. કોમ્પ્યુટર કૌશલ્યનો કોર્ષ અથવા તેની સમકક્ષ પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૦૭. યોગ્યતા

(૧) અંગ્રેજી / ગુજરાતી લઘુલેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૨) અંગ્રેજી / ગુજરાતી ટાઈપ લેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૩) કોમ્પ્યુટરની જાણકારીની વિગત : ____________________

**નોંધ :** રાજય પરીક્ષા બોર્ડ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર પ્રમાણિત કરેલું રજુ કરવું.

૦૮. અરજદારની જ્ઞાતિ : ____________________

અરજદાર અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ/ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત/ શારીરીક ખોડખાંપણવાળા/માજી સૈનિક છે?

૦૯. અનુભવ જો હોય તો : ____________________

૧૦. જિલ્લા ન્યાયાલય, જામનગરમાં તમારા કોઈ સગા નોકરી કરે છે ? જો હા, હોય તો કર્મચારી નું નામ, હોદ્દો તથા તેની સાથેનું સગપણ જણાવવું : ____________________

-:: એકરાર ::-

આથી હું નીચે સહી કરનાર ઉમેદવાર પ્રમાણિત કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ તથા માનવા પ્રમાણે સંપૂર્ણ સાચી અને ખરી છે. હું સમજું છુ અને સંમત થાઉ છું કે, કોઈપણ તબકકે કોઈપણ સંજોગોમાં કોઈપણ માહિતી જે મે પૂરી પાડી છે. તે ખોટી અગર ખામીયુકતણ જણાશે તો મારી અરજી/ઉમેદવારી સમસ્ત નામંજુર કરવા પાત્ર થશે અને જો મને નિમણુંક આપવામાં આવી હશે તો મારી નિમણુંક રદ કરવા પાત્ર થશે.

સ્થળ :

તારીખ :

(ઉમેદવારની પુરેપુરી સહી)

**અરજી સાથે સામેલ કરી મોકલાવેલ પ્રમાણિત નકલોની વિગત :**

(૧)

(૨)